ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 11
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૮ | ૧૯ એપ્રિલ, ૨૦૧૪, શનિવાર; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

### વિદેશોમાં મોદી કુરતાની માંગ

નરેન્દ્ર મોદીના હાફ



સ્લીવવાળા કુરતા ભલે દેખાવમાં સામાન્ય લાગતા હોય પણ ભારતની સાથે વિદેશોમાં પણ તેમના ચાહકોમાં તેની ડિમાન્ડ વધી છે. મોદીની પાસે હાફ સ્લીવના કુરતા સૌથી વધુ છે. હાલમાં તો તેઓ ફકત પોલીટીકલ મિટીંગો દરમિયાન જ તેનો પહેરે છે.જાણીતી કલોધીંગ બ્રાન્ડે તાજેતરમાં મોદી કુરતા, સુટ અને વુલન મફલી લોન્ચ કર્યા છે. જેમાં મોદીના હાફ સ્લીવ કુરતાની વિદેશોમાં સૌથી વધુ માંગ છે.

### કેજરીવાલનું વારાણસીનું સરનામુ સંકટ મોચન મંદિર

અરવિંદ કેજરીવાલનો વારાણસીમાં ચુંટણી પ્રચાર સંકેતાર્થથી ભરપુર છે. તેમણે પોતાના પ્રવાસ દરમિયાન મંદિરોની નગરીમાં જે સ્થળે



રહેવાનું પસંદ કર્યુ છે તે સ્થળ પણ એટલું જ પ્રતિકાત્મક છે. કેજરીવાલ વારાણસીમાં પ્રખ્યાત સંકટ મોચન મંદિરના પુજારી બિશમ્ભર મિશ્રાના મહેમાન છે. રામચરિત માનસના રચયિતા ગોસ્વામી તુલસીદાસ દ્વારા સ્થપાયેલા આ પ્રાચીન હનુમાન મંદિરમાં ૨૦૦૬માં બોંબ વિસ્ફોટ થયા હતા.

### સલીમખાનને ભાજપે લોકસભાની ટીકીટ ઓફર કરી હતી


ભાજપના વડાપ્રધાનપદના



ઉમેદવાર નરેન્દ્ર મોદી માટે ઉર્દુ વેબસાઈટ લોન્ચ કરનાર સલીમખાને કબુલ્યુ છે કે તેમને ભાજપે લોકસભાની ટીકીટ ઓફર કરી હતી. સલીમખાનને ગુજરાતની કોઈ પણ પસંદગીની બેઠક પરથી લડવા ભાજપેસલીમખાનનેટીકીટની ઓફર કરી હતી. પરંતુ તેમણે તે નકારી દીધી હતી.

### ગાંધીજીએ લખેલા પત્રોની મુંબઈમાં હરાજી

ગાંધીજીની ચીજવસ્તુઓની હરાજી આ પહેલા ભારતમાં બહુ ઓછીવાર થઈ છે. ગાંધીજીના ૮૦



વર્ષજુના બેપત્રોની હરાજી મુંબઈની તાજ પ્રેસીડેન્ટ હોટલમાં એક હેરીટેજ ઓકશનમાં થવાની છે. ગુજરાતીમાં લખેલા આ પત્રો પર ગાંધીજીના હસ્તાક્ષર પણ છે. આ પત્રોની સ્થિતિ હજુય સારી છે. કલેકટેડ વર્કસ ઓફ મહાત્મા ગાંધી નામની બુકમાં રેકોર્ડ રૂપે બંનેને રાખવામાં આવ્યા હતા. તેમની હરાજી એક લાખથી શરૂ થશે.

# જિલ્લામાં ૨૧મીથી મતદાર સ્લીપનું વિતરણ

## ૧૦,૭૪,૧૦૧ નોંધાયેલા મતદારોને આ સ્લીપ આપવામાં આવશે જે ઓળખના પુરાવા તરીકે ગણાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે ૨૧મીથી મતદાર સ્લીપનું વિતરણ હાથ ધરવામાં આવશે અને તે ૨૫મી એપ્રિલ સુધી ચાલશે.

જિલ્લામાં ૩૦મી એપ્રિલે મતદાન યોજાવાનું છે. જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૦,૭૪,૧૦૧ છે જેમાં ૫,૫૫,૮૬૦ પુરુષ મતદારો અને ૫,૧૮,૨૨૭ મહિલા મતદારો છે. ૧૪ મતદારો અન્ય કેટેગરીના છે.

જિલ્લામાં આ મતદાર સ્લીપની સાથે સાથે નવા નોંધાયેલા મતદારોને તેમના ચૂંટણી ઓળખ કાર્ડનું પણ વિતરણ કરવા માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મતદારોને પણ તેમની મતદાર સ્લીપ સાથે આ કાર્ડ આપવામાં આવશે.

જિલ્લાના ચાર વિધાનસભા મતદાર વિભાગોમાં ૧૦૦ ટકા મતદારો એપિક કાર્ડ ધરાવે છે. માત્ર ગાંધીનગર (દ)માં ૦.૦૧ ટકા મતદારો પાસે એપિક કાર્ડ નથી.

જિલ્લામાં મતદાર સ્લીપનું ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી વખતે કરાયું હતું પરંતુ તે વખતે ડુપ્લીકેટ સ્લીપ પણ આપવામાં આવી હતી. આ વખતે માત્ર એક જ સ્લીપ બનાવવામાં આવી છે.

તંત્ર એ એવો પણ નિર્ણય કર્યો છે કે મતદાર સ્લીપના વિતરણનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જે કોઈને સ્લીપ ના મળે તે મતદારો હેલ્પલાઈન પર ફરિયાદ આપશે તો તે અંગેની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.

વિધાનસભાની ચૂટણીમાં ૬૦ ટકાથી પણ વધુ મતદારોએ મતદાર સ્લીપ ઓળખના પુરાવા તરીકે રજુ કરી અને મતદાન કર્યુ હતું. જે ઉલ્લેખનીય છે. લોકસભાની ચુંટણીમાં પણ ભારે મતદાન થાય તે માટે આ પ્રયોગ ચાલુ રાખવાનો પંચે નિર્ણય લીધો છે.

# જિલ્લાના ૨૫ હજાર મતદારો પ્રમાણપત્રથી સન્માનિત કરાશે

### મોડેલ મતદાન મથકોના મતદારોને મતદાન માટે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવાનો નવતર પ્રયોગ : ૧૫ મતદાન મથકો મોડેલ મતદાન તરીકે નિયત કરાયા છે

ગાંધીનગર, તા.૧૮

આગામી ૩૦મીએ યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીમાં જિલ્લાના ૨૫ હજારથી વધુ મતદારોને મતદાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે તેમજ મતદાન માટે ખાસ નિમંત્રણ પત્રિકા પણ પાઠવવામાં આવશે.

ચૂંટણી પંચે આ વખતે મોડેલ મતદાન મથકો બનાવવા માટે જણાવ્યું છે. જેને લઈ જિલ્લા તંત્રએ ૧૫ મતદાન મથકોને મોડેલ મતદાન મથકો બનાવવાનો નિર્ણય કર્યો છે. જેમાં ગાંધીનગર (ઉ)માં પાંચ મતદાન મથકો મોડેલ બનશે. ગાંધીનગર શહેરના સે-૭ના ૩ બુથ અને પેથાપુરના બે મતદાન મથકોને મોડેલ મતદાન મથકો બનાવવાની કમર કસી છે. આ ઉપરાંત ગાંધીનગર (દ), કલોલ, માણસા અને દહેગામમાં બે-બે મથકોને મોડેલ મતદાન મથક બનાવવાનો નિર્ણય કર્યો છે. એક મતદાન મથક ગ્રામ્ય વિસ્તારમાં અને એક શહેરી વિસ્તારમાં મતદાન મથક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ મોડેલ મતદાન મથકમાં મતદારોની પ્રાથમિક સુવિધાઓ અદ્યતન હોવા સાથે ખાસ કલરકોડથી સજાવવામાં આવનાર છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મોડેલ મતદાન મથકોના મતદારોને મતદાન માટે ખાસ નિમંત્રણ પત્ર પાઠવવામાં આવશે.

મતદાન કર્યા બાદ આ મતદાનમથકની બહાર બી.એલ.ઓ. દ્વારા મતદાનને બિરદાવતું પ્રમાણપત્ર તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે જે આપવામાં આવશે. આ મતદાન પ્રમાણપત્ર માટે પણ ખાસ ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

આ પ્રમાણપત્ર પર મદદનીશ ચૂંટણી અધિકારીના હસ્તાક્ષર હશે. મતદાન મથકોની પસંદગી પૂરી કરી દેવામાં આવી છે. ૧૨ હજારથી વધુ મહિલા મતદારો આ મથકોમાં નોંધાયેલી છે. તો ૧૩ હજાર જેટલા પુરુષ મતદારો નોંધાયેલા છે.

આ મતદાન મથકોમાં મતકુટિર પણ ખાસ સજાવવામાં આવશે તેમજ મતદાન મથકને પણ ખાસ સુશોભિત કરવામાં આવનાર છે.



સુમસામ બસસ્ટેન્ડ - ચૈત્રની ગરમી જનજીવનને અસ્તવ્યસ્ત કરે છે... બપોરે ૧૨ થી ૪ માર્ગો સુમસામ હોય છે... બસસ્ટેન્ડ સુમસામ હોય છે... ગાંધીનગરમાં તો બે મહિના બપોરે સ્વયંભૂ કરફ્યુ લદાયો હોય એવો માહોલ સર્જાય છે... સતત મુસાફરોથી ધમધમતુ બસસ્ટેન્ડ જાણે લાચાર સ્થિતિમાં ઉભુ હોય એવી આ તસવીર ગરમીના પારાના આંકડા જોયા વિના ગરમીની અનુભૂતિનું અનુમાન થઈ શકે છે... *(તસવીર : દિપક જાની)*



અનુમાન શાસ્ત્ર - વરસાદની આગાહી માટે વિવિધ માપદંડો ચર્ચામાં રહે છે... હોળીની જ્વાળાઓ કઈ દિશામાં અને કયા ખૂણામાં જાય તેના પરથી વરસાદનું અનુમાન થઈ શકે એવી જ રીતે ટીંટોડી જમીનથી કેટલી ઉંચાઈએ ઈંડા મુકે તેના પર પણ વરસાદની આગાહી કરી શકાય છે... ગાંધીનગરના જીઆઈડીસી વિસ્તારમાં જમીન પર ઈંડા મુકતા મધ્યમસરના વરસાદનું અનુમાન કરાઈ રહ્યું છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ચૂંટણી પંચ ૨૧મીએ ગુજરાતમાં

## નારાયણી ફાર્મ ખાતે બેઠકોનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૧૮

આગામી ૨૧મી એપ્રિલના રોજ કેન્દ્રીય ચૂંટણી પંચ ગુજરાતના પ્રવાસે આવી રહ્યુ છે. જે રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓ અંગેની સમીક્ષા કરશે.

ચૂંટણી પંચ ૨૧મીએ સવારે વિમાન માર્ગે અમદાવાદ આવી પહોંચશે. આ પછી સવારે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મળી તેમની રજુઆતો સાંભળશે.

પંચ આ પછી નિયુક્ત કરેલા નિરીક્ષકો, કલેક્ટરો અને પોલીસ અધિકારીઓ તેમજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા કરશે. જેમાં ખાસ કરીને કાયદો અને વ્યવસ્થા માટે સુરક્ષા પ્લાન તેમજ કોમ્યુનિકેશન પ્લાન સહિતના મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા થશે.

મળતી વિગતો પ્રમાણે આ

● અનુસંધાન પાન-૭ પર



SUMMER CAMP – 2014
From 21st April to 9th May 2014
Time:- 8-30 am to 12-30 pm
–: પ્રવૃત્તિઓ :-
- સ્વીમીંગ
- ડાન્સ
- રાઇફલ શુટીંગ
- આર્ટ અને ક્રાફટ
- પ્રાણાયામ અને મેડીટેશન
- આધ્યાત્મિક
- સ્કેટીંગ
- કરાટે
- વૈદિક મેથ્સ
- પર્સનાલીટી ડેવલોપમેન્ટ
- રીક્રીએશન ગેમ્સ
- પ્રાથમિક સારવાર

GANDHINAGAR International Public School
www.gipschool.com; e-mail - gips.school@yahoo.com
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar
Mo : 9824014171; 9904737317
Transport facility available from Gh-road and Ch-road.

અમારી અષ્ટવિનાયક નામની રેડી પઝેશનવાળી ફ્લેટ
સ્કીમમાં ફર્નીચર સાથે સેમ્પલ હાઉસના ઉદ્‌ઘાટન
નિમિત્તે તારીખ ૧૯,૨૦ એપ્રિલના રોજ
અમારું ભાવભીનું હાર્દિક આમંત્રણ સ્વીકારી પધારશોજી.

ફર્નીશ્ડ એક બેડરૂમ ઘર
ટાઇટલ ક્લીયર, N.A., N.O.C. - READY PASSESSION

જાહેર આમંત્રણ
સેમ્પલ હાઉસ ઉદ્‌ઘાટન
રૂ.૧૮,૮૦,૦૦૦*
ફુલ ફર્નીચર સાથે
સોફા, કોર્નર ટીપોઈ, સેન્ટર ટીપોઈ
ડાઈનીંગ ટેબલ, મોડ્યુલર કીચન
ડબલ બેડ વીથ સાઈડ ટેબલ, વોર્ડરોબ
ડ્રેસીંગ કબાટ, બારી-દરવાજાના પડદા







ઓફર માત્ર મર્યાદિત સમય માટે જ
अष्टविनायक
એક બેડરૂમ ફ્લેટ
ત્રણ માળના ફ્લેટ - લીફ્ટ સાથે
લક્ઝુરીયસ બંગલાના લોકેશનની વચ્ચે
* શરતોને આધીન
સાઈટ : અષ્ટવિનાયક, શાહીકુટીર બંગલો પાસે, બીગબાઈટ હોટલથી ડાબી બાજુ, પી.ડી.પી.યુ. રોડ, ભાઈજીપુરા પાટીયા, રાયસણ, ગાંધીનગર.
ફોન : ૯૯૨૪૧૨૦૫૯૦, ૯૪૦૯૨૯૨૯૨૬, ૯૩૭૭૭૪૩૦૨૪